૭ ફીરકી ફરર્ર...

P4I1D9

● સાંભળો અને ગાઓ.

પીળો પતંગ

પીળો પતંગ મારો પીળો પતંગ,
ઊંચે આકાશે પીળો પતંગ.
પેલો પવન ફરર્ર વાય,
મારો પતંગ સરર્ર જાય.
પેલો પવન ફરર્ર ફરર્ર ફરર્ર ફરર્ર ફરર્ર વાય,
મારો પતંગ સરર્ર સરર્ર સરર્ર સરર્ર સરર્ર જાય,
એ તો વાદળાંની સંગ.
પીળો પતંગ...
મારો પતંગ સરર્ર જાય,
મારી ફીરકી ફરર્ર થાય.
મારો પતંગ સરર્ર સરર્ર સરર્ર સરર્ર સરર્ર જાય,
મારી ફીરકી ફરર્ર ફરર્ર ફરર્ર ફરર્ર ફરર્ર થાય.
એનો રાતો છે રંગ.
પીળો પતંગ...
જામી પતંગ કેરી હોડ,
અલ્યા છોડ દોરી છોડ.
જામી પતંગ કેરી હોડ કે
અલ્યા છોડ દોરી છોડ.
જો જો જાય ના પતંગ.
પીળો પતંગ...



• વાતચીત :

૧. તમને કયો તહેવાર ગમે ? કેમ ?

૨. ઉત્તરાયણમાં તમે શું શું કરો છો ?

૩. તમને કેવો પતંગ ગમે ? કેમ ?

૪. પતંગ ઉડાડવા શું શું તૈયારી કરવી પડે ?

૫. તમારો પતંગ ન કપાય તે માટે તમે શું શું કરો છો ?

૬. બીજાનો પતંગ કાપવા શું કરવું પડે ?

૭. પતંગ ક્યારે ન ઊડી શકે ?

૮. તમને પતંગ ચગાવતાં આવડે ? ચગાવવાનો અભિનય કરો.

૧. ગીતને આધારે ખૂટતો અક્ષર મૂકો.

.....તંગ .....રકી

.....વન છો.....

હો..... વા.....ળાં

૨. ગીતના આધારે એક શબ્દમાં જવાબ કહો.

૧. પતંગ કેવા રંગનો છે ?

૨. પતંગ ક્યાં ઊડે છે ?

૩. પવન કેવી રીતે વાય છે ?

૪. પતંગ કેવી રીતે જાય છે ?

૫. પતંગ સરરર કરતો કોની સાથે જાય છે ?

૬. કોનો રંગ રાતો છે ?

૩. ચિત્ર પરથી વાતચીત કરો.



૪. ચિત્રમાં હોય તો 'ફરરર...' અને ન હોય તો 'સરરર...' જવાબ કહો.

૧. ઘર ૨. દેડકો ૩. મોર ૪. છોકરી ૫. છોડ

૬. ઝાડ ૭. તળાવ ૮. પતંગ ૯. પાણી ૧૦. વાદળ

• વાતચીત :

૧. આ ચિત્ર કયા તહેવારનું છે ?
૨. ચિત્રમાં કુલ કેટલાં બાળકો છે ?
૩. ચિત્રમાં શું શું છે ?
૪. ચિત્રમાંથી કયો પતંગ તમને વધુ ગમે ?
૫. કેટલા પતંગ ઊડે છે ?
૬. કયા રંગનો પતંગ સૌથી નીચે છે ?
૭. તમે કેવા કેવા પતંગ જોયા છે ?

૫. પતંગનું ચિત્ર દોરી તેમાં મનપસંદ રંગ પૂરો.

ઊડ્યા રે ઊડ્યા !

આજે ઉત્તરાયણનો તહેવાર હતો. આકાશમાં તો પતંગ જ પતંગ. લાલ લાલ લાલિયો, લીલો લીલો લીલિયો

પીળો પીળો પીળિયો

કાળો કાળો કાળિયો

ધોળો ધોળો ધોળિયો

બધા જ પતંગ આભલામાં ઊડી રહ્યા હતા.

બધાને આકાશમાં સૌથી ઊંચે પહોંચવું હતું. એવામાં લાલિયાએ અભિમાનથી ચીસ પાડી, ''બધાથી સુંદર હું દેખાઉં છું. લાલ ગુલાબ જેવો મારો રંગ સૌને ગમે. હું જ ઊંચે ઊડીશ અને જીતીશ ! લ્યો... આ હું ઊડ્યો સરરર... સરરર...'' એમ બોલીને લાલિયો ઊંચે ને ઊંચે ચગવા માંડ્યો.

લાલિયાની વાત સાંભળી પીળિયો તરત બોલ્યો, ''લાલિયા, અભિમાન ન કર ! જરા જો તો ખરો. તારા કરતાં તો હું વધારે ઝળહળતો લાગું છું ! સૂરજમુખી જેવો મારો પીળો રંગ સૌને ગમે છે. જોઈ લેજે હું જ જીતવાનો.''

લાલિયા અને પીળિયોની વાત સાંભળી બીજા પતંગ પણ વચમાં કૂદી પડ્યા.



કાળિયો આવ્યો
લાલિયો આવ્યો
ચાંદલિયો આવ્યો...

એક પછી એક બધા પતંગ આવતા ગયા. જોતજોતામાં ઝઘડો થઈ ગયો.

આભલામાં હોહા થઈ ગઈ. એકબીજાને હરાવવા તેઓ પવન સાથે ઊંચે ને ઊંચે ચડતા જતા હતા. આ બધા પતંગમાં એકલો ધોળિયો શાંતિથી આ બધું જોઈ રહ્યો હતો. એ તો પોતાની મસ્તીમાં ઊડતો હતો. બીજા પતંગોનું એના તરફ ધ્યાન પણ નહોતું. એ હવે વચ્ચે પડ્યો અને હસીને બોલ્યો, ''ભાઈઓ, તમે બધા આમ શું ઝઘડમઝઘડી કરો છો ! આ વિશાળ આકાશમાં કેટલી બધી મોકળાશ છે. તમતમારે મોજથી ઊડો ને ! પછી જુઓ કેવી મજા આવે છે ! ફરર્ર ફરર્ર વાતા વાયરા સાથે સરર્ર સરર્ર ઊડીને ઊડવા દો !''

પહેલાં તો ધોળિયાની વાત કોઈને ન ગમી પણ પછી બધાને થયું. ધોળિયાની વાત તો સાચી છે ! સાથે ઊડવાની મજા જ કંઈક જુદી છે.

પછી તો બધા પતંગ વાયરા સાથે ઊંચે ને ઊંચે ઊડ્યા. સૌએ આકાશમાં ઊંચા ઊડવાની મજા માણી.

ઊડ્યા રે અમે ઊડ્યા
આભલે કેવા ઊડ્યા
ફાયદો સાથે ઊડવામાં
વાત અમે એ સમજ્યા.

● વાતચીત :

૧. પતંગ કેમ ઝઘડ્યા ?
૨. કયા રંગનો પતંગ સૌથી પહેલાં બોલ્યો ?
૩. બધા પતંગને શું કરવું હતું ?
૪. તમને કયા પતંગની વાત ગમી ? કેમ ?
૫. તમારે પતંગ ચગાવવો છે ને પવન ન હોય તો તમે શું કરો ?
૬. પતંગ ચગવાનો અવાજ કેવો હોય ? બોલો.
૭. કપાયેલા પતંગ ક્યાં જતા હશે ?

૬. વાર્તામાં આવેલા શબ્દની બાજુમાં ✓ અને ન આવેલા શબ્દની બાજુમાં ✗ કરો.

તહેવાર : [✓] ચાંદો : [✗] લાલ : [ ] સુંદર : [ ]
તેજ : [ ] ઝળહળતો : [ ] સફેદ : [ ] આકાશ : [ ]

૭. વાર્તામાં ‘ભ’, ‘ય’, ‘ધ’, ‘ફ’ આવતા હોય તેવા શબ્દો નીચે લીટી કરો.

૮. વિદ્યાર્થીઓને આ પ્રશ્નો પૂછો. તેઓને નીચે આપેલા શબ્દોમાંથી જવાબ આપવા કહો. જે તે જવાબના બૉક્સમાં તે પ્રશ્નનો ક્રમ લખવા કહો.

૧. આકાશ શાનાથી ભરચક હતું ?
૨. ચીસો પાડીને કયો પતંગ બોલ્યો ?
૩. સૂરજમુખી જેવો રંગ કયા પતંગનો છે ?
૪. કયા પતંગે બધાને શાંત પાડ્યા ?







જવાબ

પીળિયો	**કાળિયો**	**પતંગ**	**લીલિયો**	**લાલિયો**	**ધોળિયો**

૯. ‘અ’ વિભાગમાં આપેલા વાક્યના ટુકડાને ‘બ’ વિભાગ સાથે જોડી વાક્ય પૂરું કરો.

‘અ’	‘બ’
નયન જમવા	ઊગે છે.
મામાને સેવ	બેસ.
કાબર દાણા	તરે છે.
તળાવમાં ચાર	ભાવે છે.
માછલી પાણીમાં	કાચબા છે.
સવારે સૂરજ	ચણે છે.

૧૦. મહાવરો કરો.

ભ										
ય										
ધ										
ફ										
ઓ										
ઔ										

૧૦૩ ‘ય’ શોધી / કરો. ભ ય ધ ફ ધ ય ભ ધ ફ ય ભ ફ ધ ય ભ ફ ધ ય ભ (એકસો ત્રણ)

૧૧. લખો.

ગ	ગા	ગે	ગિ	ગી	ગૈ	ગુ	ગૂ
મ	મા	મે	મિ	મી	મૈ	મુ	મૂ
ન	ના	ને	નિ	ની	નૈ	નુ	નૂ
જ	જા	જે	જિ	જી	જૈ	જુ	જૂ
વ	વા	વે	વિ	વી	વૈ	વુ	વૂ
ર	રા	રે	રિ	રી	રૈ	રુ	રૂ

૧૦૪ ‘ધ’ શોધી / કરો. ભ ય ધ ફ ય ભ ધ ફ ય ધ ફ ભ ય ધ ફ ભ ય ફ (એકસો ચાર)

સ	સા	સે	સિ	સી	સૈ	સુ	સૂ
દ	દા	દે	દિ	દી	દૈ	દુ	દૂ
ક	કા	કે	કિ	કી	કૈ	કુ	કૂ
બ	બા	બે	બિ	બી	બૈ	બુ	બૂ
અ	આ	એ	ઐ	ઓ	ઔ	અં	અઃ
છ	છા	છે	છિ	છી	છૈ	છુ	છૂ


૧૦૫ ‘ફ’ શોધી / કરો. ભ ય ધ ફ ભ ફ ય ધ ય ભ ફ ધ ભ ફ ધ ય ભ ફ ય (એકસો પાંચ)

પ	પા	પે	પિ	પી	પૈ	પુ	પૂ
ડ	ડા	ડે	ડિ	ડી	ડૈ	ડુ	ડૂ
ત	તા	તે	તિ	તી	તૈ	તુ	તૂ
ણ	ણા	ણે	ણિ	ણી	ણૈ	ણુ	ણૂ
ઈ	ઈ	ઈ	ઈ	ઈ	ઈ	ઈ	ઈ
ઈ	ઈ	ઈ	ઈ	ઈ	ઈ	ઈ	ઈ


લ	લા	લે	લિ	લી	લૈ	લુ	લૂ
ટ	ટા	ટે	ટિ	ટી	ટૈ	ટુ	ટૂ
ચ	ચા	ચે	ચિ	ચી	ચૈ	ચુ	ચૂ
ખ	ખા	ખે	ખિ	ખી	ખૈ	ખુ	ખૂ
ઝ	ઝા	ઝે	ઝિ	ઝી	ઝૈ	ઝુ	ઝૂ
હ	હા	હે	હિ	હી	હૈ	હુ	હૂ

ઘ	ઘા	ઘે	ઘિ	ઘી	ઘૈ	ઘુ	ઘૂ
ળ	ળા	ળે	ળિ	ળી	ળૈ	ળુ	ળૂ
ભ	ભા	ભે	ભિ	ભી	ભૈ	ભુ	ભૂ
ય	યા	યે	યિ	યી	યૈ	યુ	યૂ
ઘ	ઘા	ઘે	ઘિ	ઘી	ઘૈ	ઘુ	ઘૂ
ફ	ફા	ફે	ફિ	ફી	ફૈ	ફુ	ફૂ


૧૨. ઓળખો અને રંગ પૂરો.




ભ



ય



ધ



ફ

૧૩. ઉદાહરણ મુજબ મૂળાઅક્ષર ઓળખો અને ◯ કરો.

ઉદાહરણ : ભ : ભમરડો, આભ, ભડાકો, સુલભ


ય : યતિન, યજ્ઞ, નિલય


ધ : ધરતી, ધરમ, ધોધ, ગીધ

ફ : ફરજ, ફરાળ, નફરત, સાફ

ઔ : ઔષધિ, ઔષધાલય, ઔરંગાબાદ

૧૪. જોડો.





૧૫. ઉદાહરણ મુજબ શબ્દ લખો.









જ	ગ														

જ	જો	અ	કા
ન	ર	લ	ચા
ગ	ક	જ	ગ
વ	ચ	વ	મા
પ	કો	ગ	ડો
ર	ર	ર	ન
ક	નો	હ	ર

૧૬. મૂળાક્ષરને અલગ કરીને લખો.


ભમરો	ભૌમિક	ધરો	ફીરકી
ભ મ રો			

મોર	ફોરમ	યોજના	ગૌરવ
ભ મ રો			

૧૭ ચિત્ર જોઈ શબ્દ લખો.









૧૪



૧૮. શબ્દો લખો.

ભમરડો			
યતિ			
ધજા			
ફોરમ			
ઓજાર			
ઔષધિ			
ઘડિયાળ			
ટેલિવિઝન			
મોરબી			
કૌરવ			

૧૯. શબ્દો લખો.

ભીમ			
માયા			
ધમાલ			
ફાફડા			
ધીરજ			
ભૌતિક			
ધોકો			
ચૈતાલી			
ભૌમિક			



૨૦. શબ્દો મોટેથી વાંચો અને લખો.

હળ	ભય	ધન
ભોજન	ધોરણ	ભૈરવ
ભૌમિક	કનૈયો	ખેલૈયો

૨૧. વાંચો અને લખો.

આ ગાય છે.

ગાય ઘાસ ખાય છે.

ગાય દૂધ આપે છે.

દૂધ મને ભાવે છે.

ભૌમિકને પણ દૂધ ભાવે છે.

૨૨. વાક્યો વાંચો અને લખો.

૧. ચકડોળ ગોળ ગોળ ફરે છે.


૨. નૈતિક મૂળો ખાય છે.


૩. ઘોડો ઝડપથી દોડે છે.


૪. ગૌતમ સુખડી ખાય છે.


૫. મૌલિક મેળામાં જાય છે.


૨૩. નવો શબ્દ લખો.



ભારત
જીવન
ભાજી



ફટાકડા
જામફળ



મધ
જાનવર


ફોગટ
કાનમ




ભાજી
રણ
સાત


ઈલા
યશ
વાળ


ભૌમિક
તિલક
કબાટ


નૌતમ
શારદા
દશક

૨૪. ખૂટતા અક્ષર મૂકી ચિત્રને લગતો શબ્દ પૂર્ણ કરો.

 ઉં દ ૨						
			કો			૨
	મ				જા	૨
	રો	જા				
ડી			૨	ક	ડી	પ
		બૂ	ત	૨		ડી
	લા	બ			ટ	લો

- પ્રવૃત્તિ : રંગીન કાગળમાંથી પતંગ બનાવી અહીં ચોટાડો.